હવે, સંત સરોવર કાયમ પાણીથી છલોછલ રહેશે

રિવર ફ્રન્ટની યોજનાને સાકાર કરવા ૨૮૦ કરોડ ખર્ચાશે : ચોમાસા સિવાયના દિવસોમાં પણ સંત સરોવર પાણીથી છલકાતુ રહે તે માટે ૨ મીટરનો વ્યાસ ધરાવતી તોતિંગ લાઇન નાંખવા આયોજન : ગિફ્ટ સીટીની યોજના વેળાએ પણ વોટર બોડીનો સમાવેશ કરાયો હતો

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર નજીક શાહપુર પાસે રિવર ફ્રન્ટની યોજનાને સાકાર કરવા માટે આયોજન કરાયુ છે. રીવર ફ્રન્ટની આ યોજનાને અનુલક્ષી રૂ ૨૮૦ કરોડના ખર્ચે યોજનાને પુર્ણ કરવાનુ સ્વપ્ન સાકાર કરવા પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. જયારે વરસાદી દિવસો સિવાયના સમયગાળામાં પણ સંત સરોવર પાણીથી છલોછલ રહે તે માટે નર્મદાનુ પાણી ઠાલવવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્ય છે. આ માટે કરાઈથી ડેમ સુધી ૨ મીટરનો વ્યાસ ધરાવતી લાઇન નાંખવામાં આવશે.

ચોમાસા સિવાયના દિવસો સિવાય પણ સંત સરોવર છલકાયેલુ રહે તે માટે નવી લાઇન નાંખવાનો નિર્ણય લેવાયો છે. વિધાનસભા સત્ર દરમિયાન ગાંધીનગરના ધારાસભ્યએ પણ રિવર ફ્રન્ટ અંગે પ્રશ્ન પુછયો હતો જેના પ્રતિઉત્તરમાં પણ સરકાર કક્ષાએથી જણાંવાયુ હતુ કે શાહપુર પાસે રીવર ફ્રન્ટની રૂ ૨૮૦ કરોડના ખર્ચ સાથે યોજના તૈયાર કરવામાં આવી છે. અગાઉ ગિફ્ટ સીટીની યોજના તૈયાર કરવામાં આવી હતી ત્યારે વોટર બોડીનો પણ સમાવેશ કરાયો હતો. જેના સંદર્ભે ગીફ્ટ સીટી આસપાસના વિસ્તારમાં પાણી જળવાઇ રહે તે માટે ચેક ડેમ પ્રકારના સંત સરોવરને અંદાજિત રૂ ૧૦૦ કરોડના ખર્ચે વાસણા બેરેજની પેટર્ન પર વિકસાવામાં આવ્યુ હતુ. જયારે હવે ચોમાસા દરમિયાન ધરોઈમાંથી પાણી છોડવામાં આવે તેવા સંજોગોમાં ૫૫ મીટરની સપાટીએ ઓવરફ્લો થાય છે. જયારે એકવાર સંપુર્ણ ભરાઈ જાય ત્યારબાદ પાણી છોડવામાં ન આવે તો છ મહીના સુધી પાણી પણ જળવાઇ રહે છે.

જળસંપત્તિ વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર રિવર ફ્રન્ટની યોજના અન્વયે સંત સરોવરને પણ કાયમી પાણીથી છલોછલ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ગાંધીનગર શહેરને પાણી સપ્લાય કરવામાં આવે છે તે નર્મદા કેનાલના પોઈન્ટ પાસેથી સંત સરોવર સુધી નવી લાઈન નાંખવાની પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. જયારે બે મીટરનો વ્યાસ ધરાવતી તોતિંગ લાઈન નાંખવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ મોટી લાઈન નાંખવા માટે સંબંધિત વિભાગ કક્ષાએથી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ટેકનિકલ પરિબળોને પણ ધ્યાનમાં રાખી અવરોધો દુર કરવા માટે પણ માર્ગ મકાન વિભાગ તેમજ સિંચાઇ અને વન વિભાગ સહીત સંત સરોવર વિભાગના અધિકારીઓની એક બેઠક પણ યોજવામાં આવશે. ત્યારબાદ અભ્યાસ અને સર્વેના અંતે આ નવી લાઈન નાંખવાની કામગીરીને આખરી કરાશે.

જિલ્લામાં સાર્વત્રિક વરસાદ માટે હજુ રાહ જોવી પડશે : હવામાન-પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો હવે નીચે આવી રહ્યો છે. આગામી ૨૨ જૂન સુધી જિલ્લામાં વરસાદ નહિ હોવાનું હવામાન-પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા જારી કરાતા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવવામાં આવ્યું છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૧૮ થી ૨૨ જૂન સુધીના પાંચ દિવસ દરમ્યાન આકાશ મોટાભાગે વાદળછાયુ રહેશે તેવુ પૂર્વાનુમાન વ્યક્ત કરવામાં આવ્યુ છે અને વરસાદ પડવાની સક્યતા નથી. મહત્તમ તાપમાન ૩૮-૩૯ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૭ થી ૬૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૧૯ થી ૨૫ જૂન દરમ્યાન ગુજરાતભરમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછુ ૩૪ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય ૨૫ ડિગ્રી રહેવા સંભાવના છે અને છુટી છવાઈ જગ્યાઓ પર હળવો (સામાન્ય કરતાં વધારે) વરસાદ પડવાની શક્યતા છે.

મધુરે ડરી નજીક 'ખ' રોડ પર છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાઈ રહી છે. ગટરનું ગંદુ પાણી રોડ પર ફેલાતા અહીં ખૂબ દુર્ગંધ ફેલાય છે. આવતા-જતા વાહનચાલકો અને રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અવાર-નવાર ફરીયાદ કરવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી.

શહેરમાં કોરોનાના નવા ૩ કેસ

સે. ૭, ૩-એ-ન્યુ અને પેથાપુરમાં મહિલા દર્દી મળી આવ્યા : ૧૦ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેરમાં ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં કોરોનાના કેસો છુટા છવાયા મળી રહ્યા છે પરંતુ તે જે રીતે વિસ્તરી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સંક્રમણ ઘટ્યા બાદ કોરોના ગાઈડલાઈન્સના પાલનને લઈ લોકો જે બેફિકરા બન્યા છે તેને લઈ તેમજ મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. શહેરમાં લોકલ ટ્રાન્સમિશનના કેસો જુદા જુદા વિસ્તારોમાંથી મળી રહ્યા છે તેથી ચોથી લ્હેર ઝડપથી આવશે તેમ મનાઈ રહ્યું છે.

શહેરમાં જે ઝડપે કેસો વધી રહ્યા છે તે ઓમિક્રોનના જ છે તેવુ સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે. કોરોનાના લક્ષણો પણ હળવા જણાઈ રહ્યા હોવાથી હોસ્પિટલાઈઝેશન દર પણ નહિવત છે. જો કે તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ જારી કરી છે. શહેરમાં આજે જે ત્રણ કેસ નોંધાયા છે તે ત્રણેય કેસ મહિલા દર્દીના છે અને ત્રણેય દર્દીઓને હળવા લક્ષણો હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ત્રણેય મહિલા દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતી નહિ હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

શહેરમાં સે. ૭ માં ૬૧ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩-એ-ન્યુની ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત પેથાપુરમાં ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં મોટાભાગના દર્દીઓ સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક તાકીદ કરી છે.

ગુડા દ્વારા આજે ૨૧૦૦ આવાસોનો ડ્રો કરાશે : નવ નિર્મિત ૩૩૬ આવાસોનુ લોકાર્પણ

વાવોલ, પેથાપુર અને સરગાસણના આવાસો સંદર્ભે રાયસણમાં આજે ડ્રો કરાશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં તબક્કાવાર એલ આઇ જી અને એમ આઇ જી પ્રકારના નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે આ આવાસોને અનુલક્ષી આજે રાયસણ સ્થિત સ્વર્ણિમ સાંસ્કૃતિક હોલમાં સવારે ૧૧: ૪૫ કલાકે આવાસોના ડ્રો ને અનુલક્ષી એક કાર્યક્રમનુ આયોજન કરાયુ છે. જેમાં ૨૧૦૦ જેટલા મકાનોનો ડ્રો કરાશે જયારે ૩૩૬ મકાનોનુ લોકાર્પણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે રાયસણ સ્થિત સ્વર્ણિમ હોલમાં એલ આઇ જી આવાસોનો ડ્રો તેમજ નવા આવાસોનુ લોકાર્પણ અન્વયે એક કાર્યક્રમ યોજવામાં આવેશે જેમાં કુડાસણની ટી પી સ્કીમ નં -૬ ના પ્લોટ નં -૧૭૩ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે નિર્માણ કરાયેલા એલ આઇ જી આવાસોનુ લોકાર્પણ કરાશે ગુડા દ્વારા આ જગ્યાએ ડ્રોઈંગ રૂમ અને બેડરૂમ સહીત કીચન, ટોઈલેટ બ્લોક અને વોશ એરિયાની સુવિધા ધરાવતા ૩૪.૩૬ ચો મીના કારપેટ એરિયામાં કુલ ૩૩૬ આવાસો બાંધવામાં આવ્યા છે આ આવાસ યોજનાને અનુલક્ષી દરેક બ્લોકમાં પેસેંજર લીફ્ટ, ક્રોકીંગ રોડ , ફાયર સેફ્ટી સિસ્ટમ , કમ્પાઉન્ડ વોલ, સ્ટ્રીટ લાઇટ , સોલાર સિસ્ટમ , જનરેટર અને બગીચા સાથેનો કોમન પ્લોટ પાણીનો બોરવેલ અને અન્ડર ગ્રાઉન્ડ સંપ અને રેઇન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ તેમજ કોમ્યુનિટી હોલ જેવી પાયાની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે.

ગુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે પેથાપુર, વાવોલ અને સરગાસણમાં પણ ઈ ડબલ્યુ એસ પ્રકારના ૨૧૦૦ જેટલા આવાસોનો ડ્રો કરવામાં આવશે. આર સી સી ફ્રેમ સ્ટ્રક્ચર ધરાવતા ભુકંપ પ્રતિરોધક અને નેશનલ બિલ્ડીંગ કોડની ગાઈડલાઈન મુજબ નિર્માણ કરાયા છે. જેમાં જનરેટર, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ચિલ્ડ્રન પ્લે એરિયા જેવી અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. અંદાજિત ૩૭ ચો મી કાર્પેટ એરિયા ધરાવતા આ આવાસોમાં સઘળી સુવિધાઓ ઉભી કરવામાં આવશે જયારે આ આવાસોની કીંમત પણ રૂ ૮.૫ લાખ નિયત કરાઇ છે. જયારે આવાસ બદલ લાભાર્થી પાસેથી રૂ ૫.૫ લાખ રૂપિયા લેવાશે જેમાં સબસીટી સ્વરૂપે ૧.૫ લાખ કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર દ્વારા રૂ ૧.૫ લાખ ચુકવાશે. પેથાપુર ખાતે જુલાઈમાં આવાસોનુ કામ પુર્ણ થઈ જશે. વાવોલમાં જાન્યુઆરી ૨૦૨૩ સુધી અને સરગાસણ ખાતે જુલાઈ ૨૦૨૩ માં આવાસોનુ કામ પુર્ણ કરી દેવાશે.

આજે શ્રવણ પંચકા યોગમાં વરસાદ ફાયદાકારક

ગાંધીનગર, તા. ૧૭

ચોમાસાની શરૂઆતમાં જ શ્રવણ પંચકા યોગ સર્જાયો છે. આજે આ યોગમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ પડતા હવે વરસાદની ચિંતા કરવા જેવુ નથી.

ગાંધીનગરના જાણીતા હવામાનશસાત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે ચોમાસાના પ્રારંભે જ શ્રવણ પંચકાનો અદ્ભૂત યોગ સર્જાયો છે. આ યોગ દરમ્યાન જો વરસાદ થાય તો હવે પછી વરસાદની ચિંતા કરવા જેવુ નથી તેવુ મનાય છે. આ યોગ દરમ્યાન જ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો જે ખુબજ ફાયદાકારક રહેશે. હાલમાં ગુજરાતના લગભગ તમામ ભાગોમાં સારા વરસાદનો યોગ સર્જાયો છે.

રાજ્યમાં કોરોનાના નવા ૨૨૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૭

રાજ્યમાં કોરોનાના આજે નવા ૨૨૫ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૪૧ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૫,૦૩૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે.

બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૯.૦૧ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૭૮,૨૬૧ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૧૮૬ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટિલેટર પર છે અને તેમની સ્થિતિ પ્રમાણમાં ચિંતાજનક છે. આ ઉપરાંત ૧૧૮૦ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૫,૦૩૩ નાગરિકો હરાવી ચુક્યાં છે.

ગુજરાત મેરિટાઈમ કલસ્ટરની પ્રથમ વાર્ષિક મીટીંગમાં ઉદ્યોગની વૃદ્ધિને વેગ આપવા ચર્ચા-વિચારણા કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

ભારતના સૌપ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી), ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી)માં આજે ગુજરાત મેરિટાઈમ કલસ્ટરની પ્રથમ વાર્ષિક મીટીંગ યોજાઈ હતી, જેમાં કલસ્ટરને પ્રોત્સાહન આપવા શક્ય તેટલી વધુ કંપનીઓ સુધી પહોંચ વિસ્તારવા તથા કલસ્ટર સાથે જોડાવાથી થતાં લાભો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ મીટીંગમાં ભારતીય કંપનીઓ દ્વારા તેમના વૈશ્વિક ક્લાયમેન્ટ્સને ઓફર કરાતી ફ્રેઈટ ફોરવર્ડિંગ, એનવીઓઓસી, એજન્સી, શિપબ્રેકિંગ, મરિન આઉટસોર્સિંગ, મરિન ઈન્સ્યોરન્સ અને મેરિટાઈમ લીગલ સર્વિસિસ સહિતના વિવિધ વર્ટિકલ્સ વિશે ચર્ચા કરવામાં આવી હતી. ભારતીય મેરિટાઈમ ઈન્ડસ્ટ્રીએ સ્થાનિક

ઈકોસિસ્ટમને સેવાઓ આપવામાં જબરજસ્ત કામગીરી નિભાવી છે તેમ છતાં વિદેશી જમીન ઉપર ત્યાંના ક્લાયન્ટસ માટે સેવાઓ વિસ્તારમાં હજૂ પણ ઉદ્યોગની કામગીરી નબળી રહી છે. તેના વિવિધ કારણોમાં એક સમર્પિત પ્લેટફોર્મનો અભાવ પણ છે કે જે ભારતીય મેરિટાઈમ કંપનીઓને વૈશ્વિક સેવાઓ પૂરી પાડવામાં મદદરૂપ બની શકે. ગિફ્ટ આઈએફએસસીના સંદર્ભમાં ઉપરોક્ત સમસ્યા વિશે ચર્ચા કરાઈ હતી તથા કેવી રીતે જીએમસી વૈશ્વિક માર્કેટ્સમાં પ્રવેશવા માટે ભારતીય ઉદ્યોગો માટે એક અસરકારક પ્લેટફોર્મ બની શકે તેની સંભાવનાઓ પણ તપાસવામાં આવી હતી. આ બેઠકમાં ગિફ્ટ આઈએફએસસી તરફથી નિયામકીય જરૂરીયાતો અંગે ઉદ્યોગોની અપેક્ષાઓની પણ ચર્ચા થઈ હતી.

આ ઉપરાંત શિપની માલીકી, શિપ લિઝિંગ અને મેરિટાઈમ ઉદ્યોગ સંબંધિત વિષયોના સંદર્ભમાં ગિફ્ટ આઈએફએસસીમાં પ્રસ્તાવિત મેરિટાઈમ કલસ્ટરની મહત્વતા વિશે પણ મીટીંગમાં ચર્ચા થઈ હતી. તેમાં આંતરરાષ્ટ્રીય મેરિટાઈમ કમર્શિયલ હબના અનુભવો તથા આઈએફએસસીમાં કામગીરી અંગે ઉદ્યોગોની અપેક્ષાઓ પણ ચર્ચાનો હિસ્સો રહી હતી. ગુજરાત મેરિટાઈમ કલસ્ટરના ૫૦ સદસ્યો છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. આ કલસ્ટર દ્વારા મેરિટાઈમ ઈકોસિસ્ટમમાં વિવિધ કંપનીઓ વચ્ચે જોડાણથી માહિતીની આપ-લે અને કૌશલ્યવર્ધનના લાભો મળી રહેશે.

આજે પૂજ્ય હીરાબાના સુદીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરાશે

વડાપ્રધાનના માતૃશ્રી હીરાબાના જન્મદિને જગન્નાથ મંદિરમાં ભંડારો યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હીરાબાના ૧૦૦મા જન્મદિવસની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવશે. સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિર ખાતે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. વડનગરના હાટકેશ્વર મંદિર ખાતે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી પૂ. હીરાબાના સુદીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવશે.

ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હીરાબા ૧૮મી જૂનના રોજ શતાયુમાં પ્રવેશ કરી રહ્યા છે. પૂ. હીરાબાના જન્મદિવસની ઉજવણી નિમિત્તે અમદાવાદ જમાલપુર સ્થિત જગન્નાથ મંદિર ખાતે પરિવાર તથા સાધુ-સંતો માટે ભંડારો યોજાશે. ભંડારામાં દાળ, ભાત, પુરી અને માલપુવા પીરસવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. આ દરમ્યાન જ આવતીકાલે ૧૮મી જૂનના રોજ તેમના માતૃશ્રી હીરાબાના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. પૂ. હીરાબા શતાયુમાં પ્રવેશ કરી રહ્યા હોવાથી ઉત્સાહનો માહોલ સર્જાયો છે. તેમના પરિવારજનો તો ઉલ્લાસભેર ઉજવણીમાં સામેલ થશે જ સાથોસાથ ગુજરાતના પ્રજાજનો પણ તેમના જન્મ દિવસની ઉજવણી માટે ઉત્સાહિત છે. આવતીકાલે વહેલી સવારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેમના માતૃશ્રીને મળવા જશે અને તેમને સાથે લઈને જગન્નાથ મંદિરે દર્શન કરવા જશે તેવા અહેવાલ પ્રાપ્ત થયા છે.

જગન્નાથ મંદિરે પૂ. હીરાબાના પરિવારજનો અને અન્ય સગા-સંબંધીઓ ઉપસ્થિત રહેશે અને ભંડારામાં ભાગ લેશે.

તેમના વતન વડનગર ખાતે પણ પૂ. હીરાબાના ૧૦૦મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. આ અવસરે સુપ્રસિદ્ધ હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે ભક્તિમય માહોલમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સાંજે ૭.૩૦ કલાકે મંદિર પરિસરમાં સુંદરકાંડના પાઠ, ભક્તિ ભજન, શિવ આરાધના અને લોક હાસ્યના કાર્યક્રમો યોજવામાં આવશે. આ ઉપરાંત અન્ય સ્થળોએ પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી તેમના દીર્ઘાયુષ્ય અને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવશે.

શહેરમાં ૨૪ કલાક પાણી યોજના અન્વયે પ્રેશર ટેકનિક સિસ્ટમ અપનાવાશે

શહેરનામાં છેવાડાના વિસ્તાર સુધી ત્રીજા માળે પાણી સપ્લાય થાય તે મુજબનો લાઇનમાં ફોર્સ જાળવવા માટે સ્કાવાડા સિસ્ટમ કાર્યરત રહેશે : જયારે ચરેડી અને સરિતા બન્ને પૈકી એક ઠેકાણે ફોલ્ટ સર્જાશે તો પણ લાઇનનુ આંતરિક જોડાણ કરી સપ્લાય ચાલુ રખાશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે હાલ શહેરમાં પાણીની નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની આ યોજના અન્વયે પ્રેશર ટેકનિક અપનાવી ત્રીજા માળ સુધી પાણી પહોંચતુ થાય તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. પાણી પુરવઠા બોર્ડ કોમ્પ્યુટરાઈઝડ સ્કાવાડા સિસ્ટમના આધારે આખી યોજનાનો અસરકારક અમલ થાય તે મુજબની કાર્યપધ્ધતિ અપનાવામાં આવી છે.

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. સેકટરોમાં ઠેર ઠેર નવી લાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે આ અંગે પાણી પુરવઠા બોર્ડના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજનાને સાકાર કરવા માટે તેમજ ઘરે ઘરે પુરતા ફોર્સથી પાણી મળી રહે તે માટે પ્રેશર ટેકનિકનો ઉપયોગ કરાશે. જયારે લાઈનમાં પાણીનો સપ્લાય જળવાઈ રહે તે માટે ચરેડી અને સરીતા વોટર વર્કસ ખાતે જુદા જુદા હોર્સ પાવરની મોટર ધમધમતી રહેશે. જયારે ૧૫ મીટરની ઉંચાઈ સુધી પાણીનો ફોર્સ જળવાઈ રહે અલબત્ત નળ ખોલતા વાર જ સીધુ પાણી મળે તે મુજબની વ્યવસ્થા કરાશે. જેના લીધે નાગરિકોએ ટાંકીઓ ભરવાની પણ અનિવાર્યતા રહેશે નહીં. જેની સામે પાણીનો વેરો પણ વધુ વસુલવામાં આવશે. જયારે મીટર પધ્ધિતથી પાણી સપ્લાય કરવામાં આવશે. જો કે નગરજનોએ ટાંકી ભરેલી છે કે કેમ તેમજ મોટર ચાલુ કરવા સહીતની મથામણમાંથી છુટકારો મળશે. સુત્રોના જણાંવ્યા મુજબ મીટર પધ્ધિતના અંતે પાણીનો વપરાશ યથાવત રહેશે. પરંતુ વેડફાટ ઓછો થઈ જશે. અલબત્ત બગાડ ઘટશે જયારે છેવાડાના વિસ્તાર સુધી પાણીનો સપ્લાય પણ પુરતા પ્રમાણમાં સપ્લાય મળી રહેશે. જયારે પુરતો સપ્લાય યથાવત રહે તે માટે સરિતા અને ચરેડી વોટર વર્કસ પર પશ્ચિમ અને પુર્વ ઝોનને આવરી લેતી બે લાઈન નાંખવાનુ કામ પણ હાથ ધરાયુ છે. જેના લીધે સપ્લાય પણ બે વિભાગમાં વહેંચાઈ જશે. જો કે આ બન્ને વોટર વર્કસ પૈકી એક પર કોઈ ફોલ્ટ સર્જાય તો પણ અન્ય કાર્યરત વોટર વર્કસની સાથે આંતરિક રીતે લાઈનનુ જોડાણ થઈ જાય તે મુજબની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જયારે આ માટે જવાબદાર તંત્રએ વાલ્વ જ ખોલવાના રહેશે. જેના આધારે એક જ વોટર વર્કસ પરથી સમગ્ર શહેરને પાણી સપ્લાય કરી શકાય તે મુજબની ટેકનિકલ વ્યવસ્થા પણ કરવામાં આવશે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે લાઈનમાં પાણીનો સપ્લાય જાળવવા માટે મોટર પણ કાર્યરત રહેશે જે સ્કાવાડા સિસ્ટમના આધારે પાણીની લાઈનમાં સપ્લાય થતો રહેશે. અલબત્ત કોમ્પ્યુટરના આધારે જ મોટરનો ઉપયોગ જરૂર મુજબ થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. શહેર ભાજપના અગ્રણી અને બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ નાજાભાઈ ધાંધર દ્વારા તેમનુ સ્વાગત કરવા ઠેર ઠેર મસમોટા બેનર લગાવાયા છે. કેન્દ્ર સરકારની આઠ વર્ષની કામગીરીને બીરદાવીને વડાપ્રધાનને આવકારવામાં આવી રહ્યા છે.

દહેગામ નગરપાલિકાની વિવિધ સમિતિઓની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

દહેગામ ન.પા.ની વિવિધ સમિતિઓની રચના માટે અગાઉ મુલ્તવી રહેલ સામાન્ય સભા મળી હતી જેમાં સમિતિઓની રચના માટે વિરોધીઓની એક પણ માંગ સ્વીકાર્યા વગર આજે વિના વિઘ્ને રચના કરાઈ હતી.

અસંતુષ્ટોએ સમિતિઓની રચના માટે લીધેલા વાંધાઓને પક્ષના મોવડીમંડળે ફગાવી દીધા છે અને જો વાંધો હોય તો પક્ષ છોડી, રાજીનામુ આપી જઈ શકો છો તેવુ સપ્ત વલણ અપનાવતાં અસંતુષ્ટોના તેવર ઢીલા પડ્યા હતા.

આજે નગરપાલિકાની ૧૪ વિવિધ સમિતિઓની રનચા કરી દેવામાં આવી છે. સાત સમિતિઓમાં મહિલા સભ્યોને ચેરમેનપદ આપવામાં આવ્યુ છે. જેમાં શિક્ષણ, ભૂગર્ભ ગટર સમિતિ, વૉટર વર્કસ સમિતિ, આરોગ્ય સમિતિ, સ્ટ્રીટલાઈટ સમિતિ, ટેક્ષ સમિતિ અને બાગ-બગીચા સમિતિમાં મહિલા સભ્યોને ચેરમેનપદ મળ્યુ છે.

કારોબારી સમિતિમાં રોહનભાઈ અમીનને ચેરમેન પદ આપવામાં આવ્યુ છે.

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે

જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

કમિશનર, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનની કચેરી
બ્લોક નં.૧, બી-૨ વીંગ, ચોથો માળ, કર્મયોગી ભવન, બોર્ડ નિગમ વિસ્તાર, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૫૮૩, E-mail ID : commi-muni-admin@gujarat.gov.in

ટુંકી જાહેર નિવિદા

અત્રેની કચેરી માટે પ્રિન્ટર કાર્ટીઝ રીફીલીંગની કામગીરી માટે રસ ધરાવતી સ્થાનિક એજન્સી / ઈજારદારો પાસેથી વાર્ષિક કરારના ધોરણે કામગીરી કરવા માટે ભાવ પત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક તા. ૩૦/૬/૨૦૨૨ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધીમાં Annexure-A, ટેન્ડર ભરી સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. Annexure-A, ટેન્ડર ફી ભરવાનું ચલણ અને શરતો અને બોલીઓ અત્રેની કચેરીની વેબસાઈટ https://communi.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાને ઈ ભાવપત્ર ભરવા જણાવવામાં આવે છે. ભાવપત્રક મંજુર / નામંજુર કરવા અંગેના તમામ અબાધિત અધિકાર કમિશનરશ્રીના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : /૬/૨૦૨૨
માહિતી/૬૩૯/૨૨-૨૩

સહી/-
કમિશનર
મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર